# ટોરેન્ટ પાવર લીમીટેડ

## ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ

**છઠો માળ, ગીફ્ટ ૧, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ ''ટીપીએલ'' તરીકે કરાયો છે.) દ્વારા કેસ નંબર ૧૫૫૩/૨૦૧૫ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ ના ટ્રુઇંગ અપ અને નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે સુરતના વીજ વિતરણના (ડિસ્ટ્રીબ્યુશન) કારોબાર માટેના દર નિર્ધારિણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૧ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સુચીત કરવામાં આવેલ છે. માનનીય કમીશનના પીટીશન નંબર ૧૫૩૪/૨૦૧૫ અંતર્ગત તા. ૨ ડિસેમ્બર ૨૦૧૫ના ઓર્ડર અનુસાર સુરત સપ્લાય વિસ્તાર માટે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ની મહેસુલી ખાધ/(પુરાંત)ની ગણતરી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટેનાં હંગામી એઆરઆર અને વીજ વેચાણના આધારે હાલના વીજદરે અંદાજવામાં આવેલ આવક અનુસાર કરવામાં આવી છે.

૩ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના ટેરિફ નિર્ધારિણ માટેની સંચિત ખાધ રૂા. ૧૭૮.૭૩ કરોડ થાય છે. ટીપીએલે હાલનાં વીજ દરમાં કોઇ ફેરફાર સુચવેલ નથી. ટીપીએલે આ ખાધની વસુલાત તા. ૧લી એપ્રિલ, ૨૦૧૬ થી રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવા દરખાસ્ત કરેલ છે. તથા એફપીપીપીએ અને રેગ્યુલેટરી ચાર્જની કુલ વસુલાતને રૂા.૧.૯૩ પ્રતિ યુનિટ પર નિયંત્રિત કરવા દરખાસ્ત કરેલ છે. આ દરખાસ્ત ગ્રાહકોના વર્તમાન વીજદરમાં ન્યૂનતમ ૫ પૈસા પ્રતિ યુનિટનો ઘટાડો સૂચવે છે.

૪ ટીપીએલે ઓપન એક્સેસ ગ્રાહકોને લાગુ પડતા વ્હીલીંગ ચાર્જીસ અને ક્રોસ સબસીડી સરચાર્જ નક્કી કરવા માટે દરખાસ્ત કરેલ છે.

૫ બેઝ એફપીપીપીએ રૂા.૧.૨૩ પ્રતિ યુનિટ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઇ:**

૬ અરજીની નકલો જીએમ (એપી), ટોરેન્ટ પાવર લીમીટેડ, ટોરેન્ટ હાઉસ, સ્ટેશન રોડ, સુરત ૩૯૫ ૦૦૩ની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. અરજીની નકલ રૂા. ૧૨૫/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને સુરત ખાતે ચૂકવી શકાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા ચૂકવવાથી ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂા. ૫૦/- (રૂપીયા પચાસ) વધુ ચુકવવાના રહેશે.

૭ ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનીક નકલ વેબસાઇટ www.torrentpower.com ઉપરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકા:**

૮ ઉપરોક્ત અરજી સામે જે કોઇપણ વ્યક્તિને પોતાના વાંધા/સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી પાંચ સેટમાં તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવિટ સાથે સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠો માળ, ગીફ્ટ ૧, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તા. ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરન્ટ પાવર લીમીટેડ**
ઇલેક્ટ્રીસીટી હાઉસ, લાલ દરવાજા,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

**ટોરન્ટ પાવર લીમીટેડ**
સહી/-
વાઇસ પ્રેસિડન્ટ (રેગ્યુલેટરી અફેયર્સ)

તા. ૨૮મી ડિસેમ્બર, ૨૦૧૫

Size: 8 cm (W) x 18 cm (H)_Surat